


# સેતુ


**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૭ અંક : ૧૦૪ એપ્રિલ - ૨૦૨૫**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## આપણી શોધ શેની છે ?

ક્યારેય મનમાં કોઈ પ્રશ્નો ઉઠે છે ? ન ઉઠતા હોય તો ઉઠવા જોઈએ. એમ તો નાના-મોટા પ્રશ્નો ઉઠતા હશે, પણ એક પ્રશ્ન ઉઠવો બહુ જરુરી છે. એ છે મારે જીવનમાં શું જોઈએ છે ? અચાનક જ કોઈ આપણને પૂછી બેસે કે ''તમારે જીવનમાં શું જોઈએ છે ?'' તો મોટા ભાગના લોકનો ઉત્તર હશે - ''મારે જીવનમાં સુખ-શાંતિ અને આનંદ જોઈએ છે.'' પ્રશ્નકર્તા ફરી પૂછે કે 'શું તમને જીવનમાં એ ક્યારેય મળ્યા નથી ?' તમે વિચારીને ઉત્તર આપશો કે 'સાવ એવું તો નથી. સારો પરિવાર, સમજુ સંતાનો, વગર ફિકરે જીવી શકાય તેટલી ધનસંપત્તિ, સમાજમાં માનમોભો એવું સુખ,એનો આનંદ અને એ કારણે થોડીક શાંતિનો અનુભવ તો મળ્યો છે.' 'તો પછી હજુ એ પામવાની કામના કેમ છે ?' ''કારણકે આ સુખ, શાંતિ અને આનંદ કાયમી નથી. ટૂંકી મુદતના છે.'' ''તો હવે તમારી શોધ શેની છે ?'' ''સાચા સુખ, સાચી શાંતિ અને સાચા આનંદની.'' ''પણ એ ક્યાંથી મળે ક્યારે મળે, કેવી રીતે મળે એ ખબર નથી ખરું ને ?'' ''હા, ખરું.''

''તમે નિશાળમાં એક પ્રાર્થના ગાતા હતા, એ યાદ છે ?'' ''અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા, ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા. મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા, તું હીણો હું છું, તો દરશનના દાન દઈજા'' તમને બરાબર યાદ છે ને ?

હવે જુઓ પ્રાર્થનામાં ત્રણ વસ્તુની પ્રભુ પાસે માંગણી કરી છે. એ છે (૧) પરમ સત્યની (૨) પરમ તેજની (૩) અમૃતની. પરમ સત્ય એટલે ઈશ્વર. ઈશ્વર એટલે સત્. પરમ તેજની માંગણી એટલે કે જે જીવનમાં અજ્ઞાતનું ઘેરું અંધારું છે. તેથી જ્ઞાનનું અજવાળું જોઈએ છે. જ્ઞાન એટલે ચિત્ત અને અમૃત એટલે સ્વરુપ સાથે સંબંધ થતા નીપજતો આનંદ અને મળતું સુખ. મતલબ કે ત્રણ વસ્તુની માંગણી છે. (૧) સત્ (૨) ચિત્ત (૩) આનંદની. અટલે કે સચ્ચિદાનંદ. મતલબ કે ઈશ્વરનું દર્શન.

તો મિત્રો જીવનમાં આપણી શોધ છે સત્, ચિત્ત અને આનંદની. સત્ એટલે, સત્ય એટલે જે ત્રણેય કાળમાં હોય, જેમાં વિકાર કે પરિવર્તન ન હોય એવી અંતિમ વાસ્તવિકતા. ચિત્ત એટલે જ્ઞાન અને આનંદ એટલે રસાનંદનું સુખ.

આ ત્રણેય ક્યાંથી મળે ? સત્ય મળે વિજ્ઞાનમાંથી, જ્ઞાન મળે તત્વદર્શનમાંથી અને આનંદ મળે અધ્યાત્મવિદ્યામાંથી. આ ત્રણ મળેવવા માટે પુરુષાર્થ કરવો પડે. એ પુરુષાર્થનું નામ જીવન છે. જીવનમાં સ્વ-ભાવ, સ્વ-ધર્મ, સ્વ-કર્મ ત્રણને ઓળખી, સમજી એમનું અનુસરણ કરવાથી જે સુખ-શાંત અને આનંદ આપણે જોઈએ છીએ, તે મળે, શ્રીમદ્ ભગવત ગીતા આ વાત જ સમજાવે છે. એટલા માટે તો એને "પુરુષાર્થ પ્રબોધિની" કહે છે.

**ડૉ. નરેશભાઈ વેદ**

## અશક્તાશ્રમ એક પ્રયોગશાળા

આજથી ૪૪ વર્ષ પહેલા સ્વ. પૂ. શ્રી કેશુકાકાએ જ્યારે અશક્તાશ્રમની સ્થાપના કરી ત્યારે દ્રઢ નિશ્ચય કર્યો હતો કે અશક્તાશ્રમમાં દાખલ થયેલ પ્રત્યેક વૃદ્ધ વડીલોને જીવનપર્યંત સાચવી શકાય તેવો વૃદ્ધાશ્રમ બનાવવો જોઈએ. ૪૪ વર્ષ પહેલા વૃદ્ધાશ્રમો પણ ઓછા હતા અને આશ્રમવાસીને મૃત્યુ સુધી સેવા આપે અને સાચવે તેવા આશ્રમ નહોતા. આ એક પ્રયોગ હતો. આજની તારીખમાં પણ આપણા આશ્રમે તે પ્રણાલિકા જાળવી રીખી છે અને પ્રયોગને સફળ બનાવ્યો છે. આપણા આશ્રમમાં દર વર્ષે ૬ થી ૮ વડીલો અવસાન પામે છે. અને તેમની અંતિમ વિધિ પણ આશ્રમ કરે છે.

આશ્રમની સ્થાપના વખતે લગભગ ૧૦-૧૫ જેટલા વડીલોની સગવડ હતી, જેમ જેમ દાતાઓ તરફથી દાન આવતું ગયું તેમ તેમ આશ્રમનો વિસ્તાર થતો ગયો. આજે ૧૦૦ જેટલા વડીલોને સાચવવાની સગવડ ધરાવતો આશ્રમ થઈ ગયો. આશ્રમનો વિસ્તાર અને વડીલોની સંખ્યા વધતી ગઈ. તેમ તેમ પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈ અને ટ્રસ્ટી મંડળે વડીલોની સુખાકારી માટે અને તેઓ કેમ કરીને આનંદમાં રહે તે માટે વિવિધ પ્રયોગોનું આયોજન કર્યું.

સૌ પ્રથમ તો આશ્રમ વડીલોને ફક્ત રહેવાનું અને બે વખતનું ભોજન આપવાનું સ્થળ નથી પણ તે એક પરિવાર છે અને આ પરિવારના સભ્યો આશ્રમવાસીઓ, કર્મચારીઓ, સ્વજનો અને ટ્રસ્ટીઓ છે. પરિવારનો પ્રયોગ ખૂબજ સફળ રહ્યો. આજે આશ્રમમાં કોઈ વડીલ માંદા પડે કે વડીલને બીજી જરુરિયાત ઉભી થાય તો સૌ કોઈ મદદ કરવા તત્પર હોય છે. આશ્રમવાસીઓને તેમનો સમય આનંદમાં વ્યતિત થાય તેમજ શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત રહે તે માટે નીચે જણાવેલ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અશક્તાશ્રમ યોજે છે.

- અશક્તાશ્રમમાં ફીઝીયોથેરાપી સેન્ટર છે. અને ફિજીયો થેરાપી ડોક્ટર આવે છે.
- સામાન્ય માંદગી માટે રોજ ડોક્ટરની પણ સગવડ છે.
- રાધા-કૃષ્ણનું મંદિર છે જ્યાં સવાર-સાંજ આરતી થાય છે.
- વડીલો માટે મોર્નિંગ વોક માટેની ટ્રેક છે અને સવારે કેટલાક આશ્રમવાસીઓ તે સગવડનો લાભ લે છે.
- સત્સંગ હોલ છે અને ત્યાં ભજન સંધ્યા, વિવિધ વક્તાઓને આમત્રિત કરી શિબિરનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આવી ૨૫ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં અશક્તાશ્રમના વડીલો સિવાય પણ ૧૦૦ જેટલા વડીલો માટે વ્યવસ્થા કરવામાં આવે છે.
- આશ્રમ વર્ષમાં ૪ વખત ડાકોર અને તેના નજીકના ગામોમાં રહેતા ૬૦ વર્ષની ઉપરના વડીલોને કે જેઓ ગરીબી રેખાની નીચે જીવતા હોય તેમને માટે ધાન-દાનનો પ્રયોગ કરવામાં આવે છે. અત્યારે સુધી આવા ૩૭ પ્રયોગ થયા છે. દરેક પ્રયોગમાં લગભગ ૧૨૦૦ થી ૧૫૦૦ જેટલા લાભાર્થીઓને રૂા. ૮૦૦ થી ૯૦૦ જેટલી જીવન જરુરીયાતની ગ્રોસરી આઈટમ આપવામાં આવે છે.

ફેબ્રુઆરી મહિનામાં નડિયાદમાં આવેલ સંતરામ મંદિરના સહયોગથી નેત્ર યજ્ઞ દર વર્ષે યોજવામાં આવે છે. અશક્તાશ્રમ અને ડાકોર ગામના રહેવાસીઓ માટે નંબર કાઢી ચશ્માનું ફ્રી વિતરણ તથા જરુરીયાતવાળા માટે સંતરામની હોસ્પિટલમાં આંખના ઓપરેશન પણ ફ્રીમાં કરવામાં આવે છે.

ઉનાળો શરુ થતાની સાથે દર વર્ષે ડાકોર ગામવાસીઓ માટે ફ્રી ચંપલ વિતરણનો પ્રયોગ કરવામાં આવે છે.

ઉપર જણાવેલ પ્રયોગો તો થાય જ છે પરંતુ તે ઉપરાંત બધા જ તહેવારો, ધાર્મિક અને રાષ્ટ્રીય કાર્યક્રમો ઉજવાય છે. દરેક કાર્યક્રમોમાં આશ્રમવાસીઓ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લે છે. અને પોતાનું જીવન પ્રવૃત્તિમય રાખે છે.

**અમારા વડીલો સાથે વિચાર-વિમર્શ કરવા તેમજ આશ્રમની પ્રવૃત્તિઓ નિહારવા તેમજ તેમાં ભાગ લેવા માટે આપ સૌને અશક્તાશ્રમની મુલાકાત લેવાનું અમારું ભાવભીનું આમંત્રણ છે.**

**ડૉ. નરેશ રમણલાલ શાહ**

# અશક્તાશ્રમના આશ્રયે

## પાસે ઘણું બધુ પણ હાથમાં કાંઈ નહીં

**- ઉષા ચંદ્રવદન શાહ**

ઊંચા, સપ્રમાણ શરીર, હસતું મોઢું, આશ્રમને લગતું બધું જ કામ લગભગ આવડે અને રસ પડે. એમને અશકતાશ્રમમાં આવે ૨૦ દિવસ થયા હશે પણ સૌના મોઢે તેમનું નામ રમતું થઈ ગયું છે. મારે એમની સાથે ટુકડે ટુકડે વાત થાય. એમના વિશે વધુ જાણવાનું મન થયું. એકલા જ આવ્યા છે. ૬૦ વર્ષનાજ છે. સહજ ભાવે મ્હેં પૂછ્યું કે તમારા વાઈફ !!! ના બ્હેન એ નથી મ્હેં છુટાછેડા લીધેલા છે. આશ્ચર્ય વચ્ચે આગળ કહે કે બહેન એ કોઈકનું પેટમાં લઈને આવી હતી. મારી તો આંખ પહોળી થઈ ગઈ. અનેક પ્રશ્નો થયા પણ એક ભાઈને પ્રશ્નો કરવાની એક મર્યાદા હતી. ઓ...કહો કંઈ ન પૂછ્યું. તેમણે જ આગળ ચલાવ્યું બહેન હજુ તો એનું આણું પણ નહોતું વળાવ્યું એ પહેલા તો તે મારી સાથે બરાબર વર્તતી નહોતી.મ્હેં મારા ખાસ મિત્રને વાત કરી તેણે સલાહ આપી કે ''તું એને મારા એક ખાસ ડોક્ટર મિત્ર છે તેની પાસે લઈ જા'' ડોકટરે વાતને ટેકો આપ્યો.

તે પછી તો બહેન માનસિક મથામણ,માતા-પિતાનો પરીતાપ, શારીરિક પીડા, આર્થિક અથડામણ, સલાહોની ઝડી...... ઓહો હોહો .... બધા બહુમાંથી પસાર થયો. છેવટે બધી બાજુનો વિચાર કરી છુટા થવાનું નક્કી કરી લીધું. મારા પક્ષે કેસ મજબૂત હતો છતાં કોર્ટ કચેરીના ગંદવાડમાં ન પડતા તેની વસ્તુઓ તેની પાસે અને અમારી વસ્તુઓ અમારી પાસે કરી અમે છુટા પડ્યા. ઘરમાં હું મારા મમ્મી પપ્પા અને મારી બહેન ફોઈના આશરે રહેતા. મારા પપ્પા છૂટક છૂટક નામા લખતા જે મળતું એમાં અમારા ચારનું પૂરું પડતું નહીં. સદ્નસીબે હું ભણવામાં સારો હતો મેં આઈ.ટી.આઈ નો કોર્સ કર્યો. બહેન ! ૫ ગામ ફરતા હું ભણવા સાયકલ લઈને જતો. બપોરની રિસેસમાં મારતી સાઇકલે ઘરે જતાં મમ્મીએ કહ્યું હોય તે વસ્તુઓ લેતો જાઉ.......બાપ રે અડધા કલાકની રિસેસમાં એક ગામથી બીજે ગામ જવાનું, કોઈ દિવસ દળણું લઈ ઘેર આવવાનું હોય, કોઈક વખત શાકભાજી, કોઈક વખત કરિયાણું. અરે બહેન ! એવું તો બધું ય કેટલુંયે !! ઘરના કામમાં પણ સૂઝ પડે, ઘર સિવાય બીજા લોકોની મદદમાં પણ આવું. બહેન હું ''સારો છોકરો છું'' એવું કહેવાય એ જ મારી કમાણી.

મ્હેં આઈ.ટી.આઈ નો કોર્સ કરેલો હતો.મારા ફુઆએ મને નોકરીએ લગાડ્યો.મ્હેં ખૂબ નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકતાથી કામ કર્યું. મારા સાહેબ મારા કામથી પ્રસન્ન હતા. પણ પગાર વધારવાનું નામ ન દે. મોટી મોટી વાતો, ઉજળા ભવિષ્યની વાતો કરે પણ કંઈ ન દેખાય. આટઆટલી મહેનત કરીએ પણ મહિનાના પાંચ છ દિવસ બાકી હોય ને હવે આગળ ઘર કેમ ચલાવીશું ? ડાહી ડાહી સલાહો આપવામાં આવે શાંતિ રાખો,ચિંતા ના કરો ચિંતા કરે શું વળે ? કશું આપણા હાથમાં નથી. ભગવાન જે કરે છે તે સારા માટે. અલબત્ત હું કદી ભાંગી પડ્યો નહોતો, હું જ્યાં જ્યાં હતો ત્યાં ઉભા થતા બધા કામોમાં રસ લેતો અને શીખી જતો. આમ જેક ઓફ ઓલ માસ્ટર ઓફ નન. આમ જુદા જુદા કામો કરી શકું પણ એક પણ કામ પકડીને ધંધો ન કરી શકું. એના બીજા પણ કારણો હતા. પૈસાનું મેનેજમેન્ટ, કોઈ સહાયકનો અભાવ, મેન પાવર નો અભાવ, માલની જમાવટ વિગેરે વિગેરે ફુઆ આંગળી પકડે પણ સાથે દોડી શકે ખરા ? આવી હતી પહેલી શરૂઆત. આ નોકરી મેં ૪૦ વર્ષ કરી. મન ઉઠી ગયું. નોકરી છોડી. આ વર્ષો દરમિયાન નોકરીના લગતા કામો ઉપરાંત નાના નાના ઘણા કામો શીખ્યા. જોબ સેટીસ્ફેકશન ન થતા નોકરી છોડી, હવે આવ્યા ટાઇલ્સ ફેક્ટરીમાં સેલ કાઉન્ટર ઉપર ઉભા રહેવું, બીલો બનાવવા, ટાઇલ્સની ડિલિવરી કરાવવી, ટાઇલ્સ આંખને પ્રિય લાગે તેવી રીતે ગોઠવવી વિ. વિવિધ પાસામાં પાવરધા બન્યા. બેંકના કામો પણ શીખ્યા. આ નોકરી તેમણે ૧૯ વર્ષ સુધી કરી.

તે પછી દવાવાળાની દુકાનમાં કામ કર્યું. ત્યાં ને લગતા કામ પણ તે ભાઈ શીખ્યા. તે પછી તેમણે મંદિરના કામ પર પસંદગી ઢોળી દસ વર્ષ કામ કર્યું. અધધધ કામ કર્યું. સ્ટોરનું અધૂરું કામ સોંપવામાં આવ્યું, અનાજ નો સ્ટોક, સ્ટોકનો વપરાશ, સ્ટોકમાં વધારો, નેટ ટોટલ નો હિસાબ, અનાજની ગોઠવણી, દરેક વસ્તુ જોતાની સાથે મળી જાય તેવી ગોઠવણ, દરેક પર્વ સારી રીતે ઉજવાય તે જોવાની જવાબદારી. હવે થાક્યા છે છતાં પણ નિવૃત્ત જીવનમાં પ્રવૃત્તિ રહી શકે તેવું જીવન શોધતા.

ફઈ ફુઆ હતા નહીં.બહેન બનેવી સાથે શાંતિથી રહેતાતા. જુઓ નસીબની બલિહારી પતિ પત્ની બંને જણ પોતાની ગાડીમાં ક્યાંક જતા હતા અને જબરજસ્ત મોટો એકસીડન્ટ થયો. બનેવી તે જ ઘડીએ ગુજરી ગયા. બહેનને લકવા પડી ગયો. બહેનને ૬ મહિના સુધી બનેવીના સમાચાર આપ્યા નહીં. બહેનને ફિઝિયો અને દવા નિયમિત રીતે આપી. ખૂબ સારવાર કરી બહેનને હરતા ફરતા કરી દીધા.હવે થોડા ફ્રી થયા હતા. બહેનને જણાવ્યું મને ડાકોર જવાનું મન થાય છે. બહેને ખુશીથી હા પાડી. ભાઈની બેગ બહેને ભરી. ભાઈની જરૂરિયાતોની બહેનને ખબર હતી. ડાકોર બસ સ્ટેન્ડે ઉતર્યા. સામે નજર પડી તો મોટું બોર્ડ ''મોટી ભાગવત સપ્તાહનું આયોજન'' ભાઈ તો ખુશ થઈ ગયા. રહેવાનું સ્થાન શોધી લીધું ભગવાનની માળા લઈ ગોમતીને તીરે જવા જપ કરવા બેઠા. થોડી જ વારમાં કોઈ ભાઈ તેમની બાજુમાં આવીને બેઠા. ક્યાં રહો છો ભાઈ ? કહે હજુ સારું સ્થાન મળ્યું નથી. અરે ભલા માણસ મંદિરથી થોડેજ દૂર **''અશક્તાશ્રમ''** નામે એક વૃધ્ધાશ્રમ છે. કાયમી રહેવાની ઈચ્છા હોય તો જાવ. અહીં આવ્યો. ઇન્ટરવ્યૂ આપ્યો. સાહેબે માન્ય કર્યો. બહેન માનશો રણછોડજી જ આવ્યા. ખુશ થઈ હું ગોમતીએ ગયો. આજુબાજુ જોયું કોઈ ન દેખાયું. બહેન ભગવાન આવ્યાનો અહેસાસ થયો. જેક ઓફ ઓલ આશ્રમમાં આવ્યા. કોઈ પણ કામ હોય કરી શકે. કામ ચાહે નાનું હોય કે મોટું આમ અનેક કામોની આવડત.**''સાથમાં ઘણું બધું પણ હાથમાં કંઈ નહીં''** જુઓ આ ભાઈનું તકદીર.

પણ... પણ... અક્કરમીનો પડીયો કાણો. દિશાવિહિન વ્યક્તિને દિશા મળી હતી. એમને તો અહી ગોઠી ગયું. કોઈ ઓળખાણ નહીં છતાં પણ પોતીકા લાગે તેવું વર્તન. બધામાં રસ લે. એટલે શરૂ શરૂમાં માણસને ભેળવવાનો પ્રયત્નો કરવો પડે તેની જરૂર ન પડી.

ખૂબીની વાત એ છે કે જે પણ કામ સોંપીએ તે કામ કુશળતાથી અને આનંદથી કરે. બધું જ આવડે. બેન્કનું કામ તો આવડે-કોઈ પેકીંગનું કામ તો આવડે-ગણતરીનું કામ તો આવડે,-અશક્તાશ્રમમાં નાના મોટા અનેક પ્રોજેક્ટ થાય તેના એડમિનિસ્ટ્રેશનનું કામ સોંપીએ તો પણ એ ક્ષેત્રનું કામ નવું હોવા છતાં પણ એક ચિત્તે તે પ્રોજેક્ટ પાર પાડે એટલું જ નહીં પણ તે કામના લીધે ઉભી થયેલી પાછળની વિધિ પાર પડે, કામનું ફુલ સ્ટોપ આવે ત્યાં સુધી ધ્યાન રાખે.

પ્રારબ્ધની વાત છે ફોઈને ત્યાં ઉછેર્યા. જુઓ પરાધીનતા ॥ ભણતા ગયા અને ચિંધે તે કામ કરે. એટલે બધા જ કામ આવડે. નસીબને રડ્યા નથી પૂર્વજન્મના સારા કર્મો લઈને આવ્યા હશે કે નાની ઉંમરમાં મોટી ઉંમરની સમજણ હતી. પરિણામે જીવનનું શાનદાર ઘડતર થયું. આઈ.ટી.આઈ.નો કોર્સ કર્યો. નોકરીએ લાગ્યા. તનતોડ મહેનત કરી સારું કામ કરી આપે પણ શેઠ જરા પણ પગાર વધારે નહીં. હાથ ખાલી !! પછી તો ટાઈલ્સવાળાની દુકાનમાં ગયા પછી મંદિરમાં સેવા આપી. દરેક જગ્યાએ તેમની ઉમદા ખાનદાનીનો લાભ ઉઠાવ્યો. ભાઈ ન સ્વતંત્ર રીતે ઉભા રહી શક્યા કે ન ઘર કરી શક્યા.

બહેનને પરણાવી દીધી હતી. મા દીકરો એકલા !! બહેન-બનેવીને ત્યાં રહ્યા. બહેન-બનેવીનો એક્સિડન્ટ !! બનેવી ધામમાં અને બહેન લકવામાં !! હવે મા દીકરો ભાણીને ત્યાં આવ્યા. બહેનની સતત સેવા કરી. ચાલતા કર્યા. બધુંય વ્યવસ્થિત થઈ ગયું શાંતિ જોઈતી હતી. ડાકોરનો ઠાકોર બોલાવતો હોય તેવું લાગ્યું !! જુઓ હવે તેમનું પ્રારબ્ધ ક્યાં લઈ જાય છે ? અશક્તાશ્રમમાં ઠરીઠામ થતાં ભાઈને સમાચાર આવ્યા છે કે ભાણીને હાર્ટએટેક આવ્યો છે !!

**પાસે ઘણું બધું પણ હાથમાં કંઈ નહીં, રાજા રણછોડ એમની આંતરિક સમૃદ્ધિને ખૂબ વધારે. ખૂબ વધારે આપ્યા જકરે. આપ્યા જ કરે. આ ભાઈ જરુર કહી શકે ખાલી હાથ આવ્યો હતો. ખાલી હાથ જવાનો.**

# સંસ્થા સમાચાર

- કે. બી. શાહ

## ધાનદાન પ્રયોગ - ૩૭

તારીખ ૦૮/૦૧/૨૫ ના રોજ ગામડા ના લાભાર્થી અને તારીખ ૦૯/૦૧/૨૫ ના રોજ ડાકોર ગામના થઈ કુલ ૧૩૬૫ લાભાર્થીઓને અનાજની કીટ આપવામાં આવી. જેમાં ૨ કિલો ચોખા, ૨ કિલો છોડાવાળી મગની દાળ, ૨ કિલો મોરસ, ૧ કિલો તેલ, ૧ કિલો ચણા, ૧ કિલો મગ, ૨૦૦ ગ્રામ મરચું, ૨૦૦ ગ્રામ હળદર, ૨૫૦ ગ્રામ ચા આપવામાં આવી અને રિક્ષામાં જવાના ૧૦ રૂપિયા તો ખરાજ. ટ્રસ્ટીગણ અને ખાસ કરીને પ્રમુખશ્રીની શુભ કરુણા લાગણીને કારણે ખાસ ગામડાની અને જે ગામડા અત્યાર સુધી લિસ્ટમાં ન હતા તેવા ગામડાની પણ જરૂરિયાતમંદ નાની ઉંમરની વિધવા બહેનોનો ઉમેરો કરી લાભાર્થીની સંખ્યા વધારવામાં આવી જેનો ખૂબ જ પ્રતિભાવ આમ જનતામાંથી મળ્યો. લાભાર્થીઓ પણ હવે ટેવાઈ ગયા હોઇ અને આયોજન પણ ખૂબ જ વ્યવસ્થિત હોઈ એક પછી એક ગામડાના લાભાર્થીઓને ટોકન આપી તેનું રજીસ્ટેશન અને મોબાઈલમાં પણ નોંધણી કરી કીટ વિતરણ કરવામાં આવ્યું. સંખ્યા વધી ગઈ હોઇ આયોજનના એક ભાગરૂપે એક મોટી સંખ્યાનું ગામ સૈયાંત બીજા દિવસે ડાકોર સાથે લેવામાં આવ્યું ને બંને દિવસ સમયસર સંતોષકારક આનંદદાયક પ્રોજેક્ટ પૂર્ણ થયો. દીપ પ્રાગટ્ય કોટયર્ક ધામના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વિકેશભાઈ કાચવાળા ના હસ્તે કરવામાં આવ્યું જેઓ હંમેશા આશ્રમની ચિંતા કરે છે આશ્રમવાસીઓને આનંદ કરાવવા કોટયર્ક ધામ (ઉમરેઠ રોડ) આમંત્રિત કરે છે. તારીખ ૦૭/૦૧/૨૫ થી તારીખ ૧૩/૦૧/૨૫ સુધી એકસપરિમેન્ટલ લિવિંગના ત્રીજા પ્રયોગ નું આયોજન થયું .

## ૨૬ જાન્યુઆરી

પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરીની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી મેનેજર શ્રી પુનિતભાઈને સામાજીક કામ માટે બહારગામ જવાનું થયું.પણ તેમની ગેરહાજરીમાં તેમના દીકરા શ્રીદત્તે આખાય કાર્યક્રમનું સુકાન સંભાળ્યું અને પુનિતની ગેરહાજરી સાલવા ન દીધી. શ્રી રાજુભાઈ ભટ્ટના હસ્તે ધ્વજ વંદન કરાવવામાં આવ્યું. રાષ્ટ્રગીતનું ગાન થયું શિસ્તબધ્ધ રીતે સલામી અપાવી. સ્વજન મંડળ અને અવધૂત ભજન મંડળના સભ્યોએ દેશભકિતના ગીતો અને દેશભકિતના ફિલ્મી ગીતો સતત દોઢ કલાક આનંદ ઉત્સાહ સાથે ગાયા અને ગીતોની રમઝટથી આખું વાતાવરણ રાષ્ટ્ર ભકિતમય બન્યું.

## અજય ગાર્ડન નું નવું સ્વરૂપ

આશ્રમ મધ્યે આવેલ અજય ગાર્ડન નવું સ્વરૂપ લઈ રહ્યો છે. શ્રી પરેશભાઈ પટેલ કરમસદ વાળા છોડમાં રણછોડ ગ્રુપના મુખ્ય પ્રેરકની નજર હેઠળ પ્રવેશમાં જે ગાર્ડન હતો ત્યાં આંખને ઠંડક આપે તેવું નવીન ગાર્ડન થઈ રહ્યું છે. સાઈડોમાં નાના-મોટા આકર્ષક છોડ રોપવામાં આવશે અને આખાય ગાર્ડનનું નવીનીકરણ થાય છે. સમગ્ર શિયાળા દરમિયાન ગામડે ગામડે સ્વેટર, ધાબળા, ડુંગળી અને ગોળ નું જરૂરિયાતમંદોને વિતરણ થતું રહ્યું. તેના પ્રેરક બળ એવા શ્રી ઉત્પલભાઈએ શરૂઆત કરાવી અને શ્રી કે.બી.શાહ ના પ્રયત્નોથી આ પ્રયોગ શરૂ થયો.

## વિશ્વ માતૃભાષા મહોત્સવ

તારીખ ૨૧/૦૨/૨૫ ને શુક્રવારના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના અધ્યક્ષ શ્રી ભાગ્યેશભાઈ જહા સાહેબ તથા મહામાત્ર શ્રી જયેન્દ્રસિંહ જાદવ અને આશીર્વાદ સેવા સંકુલ ટ્રસ્ટ ડાકોર ત્થા શાંતિલાલ મોહનલાલ શાહ અશકતાશ્રમના સંયુકત ઉપક્રમે ભવ્ય રીતે સત્સંગ હોલમાં કાર્યક્રમનું આયોજન થયું. વકતા તરીકે ડૉ.શ્રી નરેશભાઈ વેદ સાહેબ અને શ્રી કનુભાઈ પટેલ દ્વારા માતૃભાષાનો ખૂબ જ મહિમા કહ્યો. શ્રી કે બી શાહે સૌનું હૃદયથી સ્વાગત કર્યું. શ્રી સાજીદભાઈ સૈયદે માસ્ટર ઓફ સેરેમનીની જવાબદારી સંભાળી. ભાઈ શ્રી પુનિત ખંભોળજાએ કાર્યક્રમના અંતે સૌનો આભાર માન્યો. આશ્રમવાસીઓ, નગરજનો તથા વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરીથી આખો સત્સંગ હોલ ભરાયેલ રહ્યો. પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈ શાહે મુકત કંઠે કાર્યક્રમ માટે પોતાનો રાજીપો વ્યકત કર્યો.

## નેત્ર નિદાન કેમ્પ

તારીખ ૨૩/૦૨/૨૫ ના રોજ અશકતાશ્રમ અને શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય નડિયાદના સંયુકત ઉપક્રમે નેત્ર નિદાન તથા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન થયું જેમાં ડાકોર ગામના અને આજુબાજુના ગામડાના તથા આશ્રમવાસીઓ મળી કુલ ૩૨૫ દર્દીઓનું ચેકઅપ થયું. જેમાં મોતિયાના ઓપરેશન વાળા ૯ દર્દીઓનું સરસ રીતે ઓપરેશન કરવામાં આવ્યું અને બધાજ દર્દીઓની સારવાર વિનામૂલ્ય કરવામાં આવી તેમજ અશકતાશ્રમમાંથી રૂપિયા ૧ લાખનું અને શ્રી ચંદ્રવદન કાકા તરફથી રૂપિયા ૧ લાખનું અનુદાન શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલયને આપવામાં આવ્યુ.

## પગારખા પ્રયોગ ૧૦

તારીખ ૨૫/૦૨/૨૫ ના રોજ અશકતાશ્રમમાં ઉનાળાની શરૂઆતમાં પગરખાં વિતરણનો કાર્યક્રમ થયો સવારથી જ ગામડાના લાભાર્થીઓ હોંશે હોંશે પગારખા લેવા આવી પહોંચ્યા હતા. દરેકને તેના માપ મુજબના ચંપલ મળે તેવું સુંદર આયોજન હતું. છોડમાં રણછોડ ગ્રુપના શ્રી શૈલેષભાઈ શાહ જે આશ્રમની સાથે ખૂબ જ નિકટથી સંકળાએલ છે તેઓ નજીકના દિવસોમાં અમેરિકા જતા હોઇ તેમના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરાવવામાં આવ્યું. વડીલ શ્રી ચંદ્રવદન કાકાએ પગરખા પ્રયોગની પૂર્વ ભૂમિકા બાંધી આપી. હાલ જુદા જુદા પાંચ સ્થળોએ આશ્રમના નેજા હેઠળ આ પ્રયોગ થઈ રહ્યો છે. પગારખા વિતરણની વિગતો કે બી શાહે તેમની સાહિત્યિક ભાષામાં કહ્યું ભાઈ સળગતી સિગારેટ રસ્તા ઉપર આમ ન નાખ આ દેશમાં હજી કેટલાય જનોના ચંપલ તળિયેથી કાણા હોય છે.

## સન્માન સમારંભ

ડાકોર નગર સેવા સદનની ચૂંટણી પૂર્ણ થઈ. ખાસ આશ્રમ જે વોર્ડ નંબર ૪ માં આવેલ છે તેના ચૂંટાએલા સભ્યોને અને ભવિષ્યમાં જે પ્રમુખ થવાનું નક્કી જ હતું ને થયા પણ ખરા તેવા મૃદુભાષી સૌને પ્રિય હકારાત્મક વિચાર સરણીવાળા શ્રી વિપુલભાઈ આર શાહ ને ખાસ આમંત્રિત કરી તેમનું પુષ્પગુચ્છ સાલથી સન્માન કરવામાં આવ્યું. ખાસ તો આશ્રમના મોટા પ્રશ્નો જળ અને ડ્રેનેજને કાયમી ધોરણે હલ કરવામાં મદદરૂપ થવાની પણ સૌએ ખાતરી આપી.

તારીખ ૦૩/૦૩/૨૫ આશ્રમના આંગણે રામરાજ્યના પ્રસંગ જેવો જ માહોલ સર્જાયો હતો. પ્રવચનમાં ભાઈ શ્રી પુનિતે સરસ પ્રાસ બેસાડી સૌને બિરદાવ્યા.આ એક જ તારીખે ટ્રસ્ટી શ્રી જયભાઈ ત્રાલસાવાળા એટલે સેવામૂર્તિ, શ્રી દિપકભાઈ ગોળવાળા એટલે દાનમૂર્તિ, શ્રી ડૉ. નરેશભાઈ વેદ સાહેબ એટલે વેદમુર્તિ, અને સ્વજન શ્રી કે બી શાહ એટલે કરુણામૂર્તિનો જન્મ દિવસ તા. ૩જી માર્ચના દિવસે આવે છે. સુ.શ્રી ઉષાબેને પણ ચારેયના મુકત કંઠે સૌના યોગદાનની રજૂઆત કરી. કે બી શાહના હાથે આરતી ઉતરાવી સૌનું બહુમાન કર્યું.આત્મીયતા કંઈ એમ જ ઉભી થતી નથી. શ્રી ચંદ્રદનભાઈના આર્થિક સહયોગથી આશ્રમ પાસેની ગુજરી શાળામાં અને કન્યા શાળાના બાળકોને નિયમિત અલ્પાહાર અપાય છે.ખાસ નવા સ્વજન એવા શ્રી દિલીપભાઈ (એગ્રોવાળા) અને આશ્રમવાસી શ્રી રશ્મિકાંતભાઈ ની મહેનત હેમ ખેમ કાર્યને પૂર્ણ કરે છે.

## સાઈરામ દવે લોક સાહિત્યકાર અને હાસ્ય કલાકાર

આશ્રમના આંગણે એક ચમત્કાર સ્વરૂપે સાંઈરામજી પધાર્યા તેમ કહેવું પડે. કે બી શાહે તેમને સાંભળ્યા દૂર સુદુર સુધી તેમનો સંપર્ક કર્યો અને યોગાનુયોગે તારીખ ૧૧/૦૩/૨૫ ના રોજ સરકારશ્રી દ્વારા ડાકોર ફાગણોત્સવ નિમિત્તે તે આવવાના હતા. તેમને સહર્ષ આશ્રમમાં આવવાની મંજૂરી આપી સૌને ખૂબ હસાવ્યા આશ્રમના પ્રમુખ ટ્રસ્ટીગણને પણ ખૂબ બિરદાવ્યા એક અભૂતપૂર્વ અચાનક આશ્રમના આંગણે હોળી ઉત્સવ થઈ ગયો.

## હોળી ધુળેટી

પરંપરાગત રીતે હોળીના દિવસે સાંજે રાધાકૃષ્ણ મંદિરમાં હોળી ગીતોની ખૂબ જ અસરકારક રજૂઆતો થઈ વલ્લભનિવાસ ધર્મશાળા માંથી દર વર્ષની જેમ મુંબઈના ભજનીકો એ ખૂબ ધૂમ મચાવી. હોળી પ્રાગટ્ય ધનનન હોળી હૈ થી થયું.ધુળેટીના દિવસે ફરી એ જ ધમાલ આનંદ આનંદ અને બસ આનંદ.

**-વિનોદ ઠાકર (સંવાહક-પ્રાર્થના પરિવાર)**

**સેવા ધર્મમાં શ્રમદાન સૌથી શ્રેષ્ઠ**

એક ગામમાં ધનીચંદ નામના શેઠ રહેતા હતા. તેમને તેમની પાસેના પૈસાનો ખૂબ ઘમંડ હતો. આ ઘમંડનું પ્રદર્શન તેમણે હવેલી ઉપર ધજાઓ ફરકાવીને કરવા માંડેલું. એક લાખનું ભંડોળ થતાં હવેલી ઉપર એક ધજા ફરકાવવી તેવું તેમણે મનોમન નક્કી કર્યું હતું. ગામમાં એવી વાત પણ વહેતી કરી હતી. હવેલી ઉપર ૫૦ થી ૬૦ જેટલી ધજાઓ ફરકાવી દીધી હતી. એકવાર તેઓ ગુરુ નાનક પાસે ગયા અને તેમને પોતાના ઘરે જમવા આવવા માટેનું નોતરું આપ્યું. ગુરુ નાનકે નમ્રતાભાવે તેમના આમંત્રણનો સ્વીકાર કર્યો. નિયત દિવસે ગુરુનાનકે શેઠના ઘરે પધરામણી કરી. ભોજન લીધું. નાનક શેઠના ઘમંડી સ્વભાવ વિષે જાણતા હતા. શેઠે તેમને હવેલી ઉપર ફરકાવેલી ધજાઓની વાત કરી. નાનકે શાંતિથી તેમની વાત સાંભળી. શેઠને ઉંડે ઉંડે મર્યા પછી સ્વર્ગમાં જવાની ઈચ્છા હતી. આ વાત તેમણે ગુરુ નાનક સમક્ષ રજુ કરી. નાનકે કહ્યું. “જરુરથી હું પણ સ્વર્ગમાં આપને મળીશ. મારું એક કામ તમારે કરવાનું છે. મારી પાસે એક સોનાની સોય છે જે મને એક ભક્તે ભેટ આપી છે. આ સોય અત્યારે હું લઈને આવ્યો છું. એ તમને હું આપું છું. તમે જ્યારે સ્વર્ગમાં મને મળો ત્યારે તે સોય મને પરત કરજો.” શેઠે ઉત્સાહથી આ કામ સ્વીકાર્યું. થોડીવાર પછી અચાનક તેમને યાદ આવ્યું કે અહીંથી તો ત્યાં કંઈ લઈ જવાતુ નથી. તેમણે થોડી ભોંઠપ અનુભવી અને ગુરુનાનકને કહ્યું કે “હું ત્યાં કેવી રીતે સોય લઈને આવી શકીશ ?” ગુરુ નાનક મૌન રહ્યાં. સોય આપીને ચાલતા થયા. શેઠ નાનકનો ઉપદેશ સમજી ગયા. તેમણે હવે દાન અને સેવાધર્મ સ્વીકારી જીવન જીવવાનું શરુ કર્યું. સંતનો સમાગમ અને સત્સંગ શેઠને પૂર્ણ રીતે અસર કરી ગયો.

વૃદ્ધાવસ્થાને આરે ઉભેલા દરેકને આ વાત સમજાય છે કે નહીં ? આ તો બધાને લાગુ પડે છે. અશક્તાશ્રમમાં રહેતા વૃદ્ધોની એક ફરિયાદ કાયમની છે કે અમે દાન કરી શકીએ એમ નથી. ત્યારે એકવાર સત્સંગમાં સૌને સેવાનો વ્યાપક અર્થ સમજાવવામાં આવ્યો. સત્કાર્ય કરવું અને સદ્ભાવના રાખવી એ પણ સેવાકાર્ય છે.

એકવાર એક વૃદ્ધાશ્રમમાં સૌ વૃદ્ધોને કામની વહેંચણી માટે મીટીંગમાં બોલાવવામાં આવ્યા. જેણે જે કામ પસંદ પડે તે કામ સ્વીકારે એવો વિચાર મૂકવામાં આવ્યો. બધા જ મૌન થઈ ગયા. કોઈને સામેથી કામ લેવામાં કોઈ રસ નહોતો. ત્યાં એક બહેને ઉભા થઈને કહ્યું કે આખાયે આશ્રમની સફાઈનું કામ હું આજથી સ્વીકારું છું. એ બહેને સ્વેચ્છાએ સફાઈ કામ શરુ કર્યું. મહિના પછી જ્યારે એમને પૂછ્યું કે તમને થાક લાગે છે ? મારા ઠાકોરજીને બધું સાફસુથરું બહુ ગમે છે. તેમને જે ગમે છે તે કામ કરવાનો મને અનહદ્ આનંદ આવે છે. એટલે થાક પણ લાગતો નથી. બધાને તેમનો અનેરો ઉત્સાહ જોઈને નવાઈ લાગી. કોઈપણ સેવાનું કામ પ્રભુપ્રીત્યર્થે કરવામાં આવે તો તે બોજારુપ લાગતું નથી. આનંદ આનંદ વર્તાય છે. તે સફાઈ કરનાર બહેનને વૃદ્ધાશ્રમમાં રહેતા તમામ લોકો મનોમન વંદન કરતા થઈ ગયા.

તમે ઘરમાં સહજીવન જીવતા હોવ કે બહાર સમુહ જીવન જીવતા હોવ શરીર સ્વાસ્થ્ય માટે કોઈપણ શ્રમ કાર્ય કરતા રહો. કામ પૂર્ણ આનંદથી કરવાનું સ્વીકારવાથી કામનો બોજો લાગતો નથી.

**વિચાર રત્નો**

- પડવું અકસ્માતે પણ પડ્યા રહેવું તે પ્રમાદ છે
- કામચોર બનીને જીવન જીવવાથી ક્યારેય પ્રસન્નતા આવતી નથી
- પ્રસન્નતા અને સુખ અન્યને આપવાથી તે અનેકગણું પ્રાપ્ત થાય છે.
- કામ કરવાથી ક્યારેય નિર્બળ રહેવાતું નથી. કામ કરતા રહેવાથી સ્ફૂર્તિ વધે છે અને જીવન જીવવાનું બળ સતત મળતું રહે છે.
- ચિતાનો અગ્નિ મડદાને બાળે છે. ઈર્ષ્યાનો અગ્નિ જીવતાને બાળે છે.

**અશક્તાશ્રમમાં ૭ દિવસ રહેવા અને અનુભવ લેવા માટેની સગવડ**

**(EXPERIMENTAL LIVING - 4)**

આથી જણાવતા આનંદ થાય છે કે અશક્તાશ્રમમાં થોડા સમય માટે રહેવા ઈચ્છુક વડીલોને માટે અશક્તાશ્રમે એક નવી સુવિધા ઉભી કરી છે જે વડીલો અત્યારે અશક્તાશ્રમમાં રહેતા નથી પરંતુ તેમને થોડા દિવસો માટે આશ્રમમાં રહેવું હોય અને અશક્તાશ્રમની ગતિવિધિથી માહિતગાર થવું હોય તો અશક્તાશ્રમ નીચે જણાવેલ દિવસોમાં રહેવાની સગવડ કરી છે.

તા. ૫-૫-૨૦૨૫ ને સોમવારથી તા. ૧૧-૫-૨૦૨૫ રવિવાર સુધી (૭ દિવસ)

**રજીસ્ટ્રેશન ચાર્જ : ૭ દિવસના રૂા ૧૦૦૦/- (એક હજાર પૂરા)**

આશ્રમવાસીઓને જે કોઈ સગવડ મળે છે તે બધી જ સગવડ આવનાર વડીલોને મળી રહેશે. જેવી કે

૧. સવારના ચ્હા અને નાસ્તો, સવારનું જમણ, બપોરની ચ્હા અને રાતનું જમણ

૨. આ ઉપરાંત અશક્તાશ્રમમાં જે પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં તેઓ ભાગ લઈ શકશે.

જે ભાઈઓને અને બહેનો આ સગવડનો લાભ લેવો હોય તેમણે અશક્તાશ્રમના મેનેજર શ્રી પૂનિતભાઈ ખંભોળજાનો નીચે જણાવેલ મોબાઈલ નંબર ઉપર **તા. ૩૦-૦૪-૨૦૨૫** સુધીમાં સંપર્ક કરવો.

**પૂનિતભાઈ મો. ૯૯૯૮૦૨૨૦૪૩**

**Book Packet - Printed Book**

પ્રતિ શ્રી

**પ્રેષક :**

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,
ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858



સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦